# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


==================================================================

અખબારી યાદી તા. ૨૬-૦૬-૨૦૨૨

- **'અગ્નિપથ' યોજનાની વાત, યુવાનો સાથે વિશ્વાસઘાત સમાન છે : શ્રીમતિ અલકા લાંબા**
- **કેન્દ્ર અને રાજ્ય સરકારના કુલ ૬૨ લાખ સરકારી પદ ખાલી જે પૈકી ૨ લાખ ૫૫ હજાર પદ ભારતીય સૈનામાં ખાલી છે તેને તાત્કાલિક ભરવા, અગ્નિપથ યોજના પરત લો, જે અગ્નિ વિરો પર થયેલ કેસ પરત લેવા કોંગ્રેસ પક્ષની માંગ**
- **દેશની સુરક્ષા અને યુવાનોના હિતમાં અગ્નિપથ યોજના પરત લેવાની માંગ સાથે ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો પર આવતી કાલે કોંગ્રેસના ધરણા - વિરોધ પ્રદર્શન યોજાશે : શ્રી જગદીશ ઠાકોર**

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રીમતિ અલકા લાંબાજીએ આજરોજ રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, 'અગ્નિપથ' યોજનાની વાત, યુવાનો સાથે વિશ્વાસઘાત સમાન છે. કેન્દ્ર ની સરકારે વિચાર્યા વિના અડધી રાત્રે તઘલખી ફરમાન જાહેર કર્યા, જેનો ભોગ દેશની જનતા બની રહી છે, કૃષી કાયદા, નોટબંધી, જીએસટી, લોકડાઉન અને જમીન અધિગ્રહણ જેવા ફરમાનનો ભોગ જનતા બની, હવે સરકાર અગ્નિપથ યોજના દેશના યુવાનો પર થોપી રહી છે. શ્રીમતિ પ્રિયંકા ગાંધીએ સંરક્ષણ મંત્રીને પત્ર લખી સેનામાં ભરતી અંગે માંગ કરી હતી. ત્રણ વર્ષ થયાં હોવા છતાં કોઈ કાયમી ભરતી થઈ નથી. સરકાર હવે અગ્નિપથ યોજનાના નામે ભરતી ને હંગામી બનાવી કોન્ટ્રાકટ પર લઈ જઈ રહી છે. ભારતીય સેનામાં ૨ લાખ ૫૫ હજાર પદ માટે પરીક્ષા અને ફીઝીકલ ટેસ્ટ થઈ ગયા છે. જે ભરતીના સ્થાને હવે અગ્નિપથ ના આધારે સરકાર ભરતી કરવા જઈ રહી છે, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધી જ્યારે હોસ્પીટલ હતા ત્યારે તેમણે પત્ર લખી યુવાનોને શાંતિ રાખવા અપીલ કરી, કોંગ્રેસ પક્ષ કોન્ટ્રાકટ ના આધારે સેનામાં ભરતીનો વિરોધ કરે છે તાત્કાલીક કાયમી ભરતી કરવા માંગ કરે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાશ્રી કે.સી. વેણુગોપાલે પણ સંરક્ષણ વિભાગના સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેને પત્ર લખી બેઠક બોલાવવાની માંગ કરી, પૂર્વ ગૃહમંત્રીશ્રી પી. ચીદમ્બરમ એ આ મુદ્દે સંસદનું વિશેષ સત્ર બોલવાની માંગ કરી, ભાજપના કેટલાક નેતાઓએ વિરોધ પ્રદર્શન કરી રહેલા યુવાનોને જેહાદી, આતંકવાદી અને અરાજકતા વાદી કહ્યા, સેનામાં ભરતી થવા ઈચ્છતા યુવાનો માટે આ અપમાન છે. દેશના યુવાનોના કૌશલ્યનું યોગ્ય ઉપયોગ નહી થાય તો દેશ યોગ્ય દિશમાં આગળ નહી વધે, જ્યારે કોઈ અગ્નિવિર ચાર વર્ષ બાદ સેનામાંથી નિવૃત થશે ત્યારે તેણે માત્ર ૧૧ લાખ મળશે, ૧૧ લાખમાં તેને પોતાનું બાકીનું જીવન ગુજારવું પડશે, **સેનામાં જવા ઈચ્છુક યુવાને આ યોજનાને પગલે આત્મહત્યા કરી, તે આત્મહત્યા નહી હત્યા છે તેની જવાબદાર સરકાર છે, આ યોજનાને તાત્કાલિક પરત લો સંસદનું સત્ર બોલાવો, સંરક્ષણ વિભાગની સ્ટેન્ડીંગ સમિતિની બેઠક બોલાવો**, છેલ્લા બે વર્ષમાં ૫૦ હજાર યુવાનોએ ભરતી પ્રક્રિયા પાસ કરી નિમણુંકની રાહ જોતા હતા, અચાનક કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજના જાહેર કરી હજારો યુવાનોનું સૈન્યમાં જોડાઈને રાષ્ટ્રીય સેવાનું સ્વપ્ન રોળાઈ ગયું. હવે ૨૩ વર્ષ થઈ જતાં આશાઓ મરી પરવાની. જનરલ બિપિન રાવતે કહ્યુ હતું કે જવાનો ને ૫૮ વર્ષ સુધી નોકરી કરવાની તક મળે વર્ષ ૨૦૦૪ માં પ્રધાનમંત્રી મનમોહન સિંહે એક્સ સર્વિસ મેન વેલ્ફેર યોજના લાગુ કરી હતી, ૧૪ વર્ષ નોકરી બાદ નિવૃત્ત થયેલા જવાનો પૈકી માત્ર બે ટકા જવાનોને નોકરી મળી. કોંગ્રેસ સરકારની સરખામણી માં **વર્તમાન ભાજપ સરકારે સેનાના બજેટમાં ૪ ટકાનો ઘટાડો** કર્યો. **સરકાર પગાર અને પેન્શન માટે રૂપિયા ન હોવાનો દાવો કરે છે તો કાપ મુકવા માટે માત્ર સેના જ મળી ?** કેન્દ્ર અને રાજ્ય સરકારના કુલ ૬૨ લાખ સરકારી પદ ખાલી જે પૈકી ૨ લાખ ૫૫ હજાર પદ ભારતીય સૈનામાં ખાલી છે તેને તાત્કાલિક ભરવા, અગ્નિપથ યોજના પરત લો, જે અગ્નિ વિરો પર થયેલ કેસ પરત લેવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રીમતિ અલકા લાંબાએ જણાવ્યું હતું કે, અહિંસક રીતે દેખાવો કરનારને સરકાર ધમકાવી રહી છે, ડરાવી રહી છે, જો કોઈ વિરોધ કરે તો તેના ફોટા પોલીસ સ્ટેશને પહોંચાડી નોકરી ના આપવા સુધી ડરાવવામાં આવે છે. ગુજરાતમાં ભાવનગર, જામનગર સહિત અને દેશના વીસ રાજ્યોમાં મોટા પાયે અગ્નિપથ યોજના સામે વિરોધ થઈ રહ્યો છે. કોંગ્રેસ પક્ષ ગાંધી ચિંધ્યા માર્ગે દેશના તમામ વિધાનસભા ક્ષેત્રમાં અગ્નિપથ યોજના પરત લેવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરશે. પોલીસ તંત્ર મંજુરી આપતું નથી. ૧૪૪ની કલમનો હથીયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. તેમ છતાં રાષ્ટ્રીય સુરક્ષા, દેશ હિત અને યુવાનોના હિતમાં કોંગ્રેસ પક્ષ લડત આપતો રહેશે.

ઓક્ટોબર ૨૦૨૦ જનરલ બિપિન રાવતે (સી.ડી.એ.) એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, સેનામાં સૈનિકની નિવૃત્તી વય ઉંમર વધારવી જોઈએ. તેમણે એવું જણાવ્યું હતું કે સૈનિકોની નિવૃત્તિ વય એજ ૫૮ વર્ષની કરવી જોઈએ. ૧૭ વર્ષની નોકરીને બદલે માત્ર ૪ વર્ષની નોકરી ? સંસદમાં ચર્ચા કેમ નહી ? જનરલ વી.કે. સિંહ પોતે પોતાની નિવૃત્તિ વય એજ વધારવા કોર્ટમાં ગયા હતા. ભાજપ કાર્યાલયના ચોકીદાર માટે અગ્નિવીર ? જાહેરાત પૂર્વે આ યોજના અંગે સંપૂર્ણપણે કેમ વિચારણા કરવામાં ન આવી ? તેને શરૂ કરતા પહેલા, રાબેતા મુજબ પાઈલોટ પ્રોજેક્ટ કેમ નહિ ? સી.ડી.એસ.ના આ નિર્ણયમાં શા માટે ત્રણેય સેવાઓના વડાઓને સામેલ કરવામાં આવ્યા ન હતા ? શું એન.એસ.એ. સુપર સી.ડી.એસ. છે ? તેમને સશસ્ત્રદળોની સૂક્ષ્મ બાબતોનું જ્ઞાન છે? શું તે સંરક્ષણ અંગેની સંસદીય સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યું હતું ? આ અંગે એન.એસ.એ. કેમ મૌન છે ? સશસ્ત્ર દળોના ખભે બંદૂક મૂકીને રાજકીય મુદ્દો ચગાવવાનું કોઈ જવાબદાર સરકારને છાજે તેવું નથી. દેશના વીસ રાજ્યોના યુવાનો આક્રોશ સાથે લડત આપી રહ્યાં છે. પ્રધાનમંત્રીશ્રી કેમ યુવાનોની વાત સાંભળતા નથી ? પ્રધાનમંત્રીશ્રી કેમ મૌન છે ? તેમણે અહંકાર ત્યાગ કરીને યુવાનો સાથે વાત કરવી જોઈએ અને રાષ્ટ્ર વિરોધી યોજનાને તાત્કાલીક પરત ખેંચવી જોઈએ.

દેશની સુરક્ષા અને યુવાનોના હિતમાં અગ્નિપથ યોજના પરત લેવાની માંગ સાથે ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો પર આવતી કાલે કોંગ્રેસના ધરણા - વિરોધ પ્રદર્શન યોજાશે. 'અગ્નિપથ' યોજના એટલે યુવાનોનું અસુરક્ષિત ભાવિ અને રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરારૂપ ગણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભારત સરકારને વિનંતી કરું છું કે જ્યાં લશ્કરની ભરતી થાય છે, ત્યાં ઉમેદવારો ને રહેવાની, કુદરતી પ્રક્રિયા કરવાની કોઈ વ્યવસ્થા નથી હોતી આવા ઉમેદવારો રેલવે સ્ટેશન, દુકાનના ઓટલા કે ધર્મશાળામાં રોકાય છે ગુજરાતના યુવાનો સેનામાં ભરતી માટે ફિટનેસ નથી હોતા,તેના માટે સરકાર જવાબદાર છે. ગુજરાતના યુવાનોને કુપોષિત આ ભાજપ સરકાર કરી રહી છે, **ભાજપના નેતાઓ પાછળ કરોડો રૂપિયાના તાયફા ના બદલે સેના પર ખર્ચ કર્યા હોત તો આજે દેશની સરહદો સુરક્ષિત હોત.** સેનાની ભરતીમાં ખેડૂત, મજૂર અને ગરીબોના દીકરાઓ જાય છે, આવા યુવાનોની દેશ દાઝ ભાજપ સરકાર છીનવી રહી છે, આવતીકાલે ગુજરાતની ૧૮૨ વિધાનસભામાં અગ્નિપથ યોજનાનો વિરોધ કરાશે. **નર્યા જુઠ્ઠાણા, ભ્રામક પ્રચાર અને રોચક સુત્રોના જોરે દેશની પ્રજાને ગુમરાહ કરીને પોતાની એકમાત્ર સત્તા કબજે કરવાની મુરાદ પાર પડ્યા પછી ભાજપ છેલ્લા આઠ વર્ષથી દેશને અંધકારની ગર્તામાં ધકેલી રહ્યો** છે. પ્રજાના સળગતા પ્રશ્નોથી પ્રજાનું ધ્યાન બીજે દોરવા વૈમનસ્યપૂર્ણ ભાવનાઓ ભડકાવીને ભાજપ દેશને મુઠ્ઠીભર મુડીપતિઓને હવાલે કરી રહ્યો છે. ભાજપની આ વિનાશકારી નીતિઓના આવા જ નિર્ણયોમાં તાજેતરમાં દેશના બેરોજગાર અને સેનામાં ભરતી થવા ઈચ્છતા યુવાનો સામે ક્રૂર અને ઘાતક મજાકરૂપે "અગ્નિપથ" નામની યોજના યુવાનો માટે હકીકતમાં તો બરબાદીના પથ જેવી યોજના છે. દેશની રક્ષા કરવા માટે જાત ન્યોછાવર કરવા તૈયાર આપણા યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત કરવા "અગ્નિપથ" યોજનાનો વિરોધ કરવામાં આવશે.

( ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા